Gujarat Public Service Commission
PROVISIONAL RESULT
List of Eligible Candidates for Application Scrutiny
Advertisement No. 116/2016-17

1. ગૃહ વિભાગ હસ્તકની ન્યાય સહાય વિજ્ઞાન કચેરી હેઠળની મદદનીશ નિયામક (ભૌતિક જૂથ), સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧ ની જગ્યાએ ભરતી કરવા માટે **જાહેરાત ક્રમાંક: 116/2016-17**ના સંદર્ભમાં આયોગ દ્વારા **તા.21.05.2017 ના** રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે આયોગે અરજી ચકાસણીની પાત્રતા માટે નક્કી કરેલ લાયકી ધોરણ (જે તે કેટેગરીમાં મેરીટ યાદી મુજબ ઉતરતા ક્રમમાં જરૂરી સંખ્યા અનુસારના છેલ્લા ઉમેદવાર ના ગુણ) મુજબ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના ઉમેદવારોને અરજી ચકાસણીને પાત્ર સફળ જાહેર કરવાના થાય છે. અને આ માપદંડો / ધોરણો રૂબરૂ મુલાકાતને પાત્ર સફળ ઉમેદવારોની આખરી યાદી પહેલાના તબક્કાની કાર્યવાહીના ભાગ રૂપે છે.
2.

<u>કોષ્ટક-૧</u>

કેટેગરી	જગ્યાની સંખ્યા	માપદંડ મુજબ અરજી ચકાસણી માટે જરૂરી સંખ્યા	ખરેખર પાત્ર થતા ઉમેદવારોની સંખ્યા	માપદંડ મુજબ રૂબરૂ મુલાકાત માટે જરૂરી સંખ્યા
1	**2**	**3**	**4**	**5**
બિન અનામત (કોમન)	1	6	6	6
કુલ ઉમેદવાર	**1**	**6**	**6**	**6**

3. **અરજી ચકાસણીને પાત્ર કેટેગરીવાઇઝ ઉમેદવારોના બેઠક નંબરો નીચે મુજબ છે.**

(1) બિન અનામત (કોમન)

101000017	**101000024**	**101000025**	**101000027**	**101000029**
101000034	**TOTAL = 6**			

4. નોંધ:

(1) આયોગના તા.૩૦-૦૭-૨૦૧૬ના કચેરી હુકમથી તા.૦૧/૦૮/૨૦૧૬થી પ્રસિધ્ધ થતી સીધી ભરતીની જાહેરાતો અનુસંધાને આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણના ૫૦% ગુણભાર તથા રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના ૫૦% ગુણભારના આધારે કરવાની રહે છે. જેને અનુલક્ષીને આયોગના તા.૦૯-૦૫-૨૦૧૭ના કચેરી હુકમથી પ્રાથમિક કસોટીમાં રદ થયેલ પ્રશ્નોના ગુણ બાકી રહેલ પ્રશ્નોમાં સમાન રીતે **(Pro-rata** પધ્ધતિ) ગુણ પ્રદાન પધ્ધતિ અપનાવવાની રહે છે. તદનુસાર સદરહુ કસોટીમાં 2 પ્રશ્ન રદ કરવામાં આવેલ હોવાથી ગુણ ફાળવણીની **Pro-rata** પધ્ધતિથી પ્રત્યેક સાચા જવાબના કિસ્સામાં **1.007** ગુણ પ્રદાન અને પ્રત્યેક ખોટા જવાબ / એક કરતા વધારે એનકોડીગ કરેલ જવાબ /એક પણ વિકલ્પ પસંદ ન કરેલ જવાબના કિસ્સામાં **0.302** ગુણ કપાત પ્રમાણે જવાબવહીનું મૂલ્યાંક્ન કરવામા આવ્યુ છે.

(2) આયોગના તા.15-10-2009 તથા તા.11-11-2009 તથા તા.29-04-2017 ના કચેરી હુકમથી દરેક કેટેગરીની અનુભવ વગરની/અનુભવ વાળી જગ્યાઓ સામે અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની સંખ્યા માટે માપદંડ નિયત કરવામાં આવેલ છે. તદનુસાર, કામચલાઉ પરિણામ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(3) આયોગના તા.14.10.1986ના કચેરી હુકમથી દરેક કેટેગરીની જગ્યાઓ સામે રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની સંખ્યા માટે માપદંડ નિયત કરવામાં આવેલ છે. તદનુસાર, રૂબરૂ મુલાકાત માટે ઉમેદવારોને બોલાવવાના થાય છે.

ઉપરોક્ત જણાવેલ માપદંડની વિગત નીચે મુજબ છે.

જગ્યાની સંખ્યા	અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારની સંખ્યા		રૂબરૂ મુલાકાત માટે પાત્ર સંખ્યા
	અનુભવ વગર	અનુભવ વાળી	
૧	૦૬	૦૬	૬
૨	૦૮	૦૮	૮
૩	૧૦	૧૦	૧૦
૪ કે તેથી વધુ જગ્યા માટે	જગ્યાની સંખ્યાના ત્રણ ગણા	જગ્યાની સંખ્યાના ચાર ગણા	જગ્યાના ત્રણ ગણા

(4) જો આ ઉમેદવારોમાંથી રૂબરૂ મુલાકાતને પાત્ર પુરતા ઉમેદવારો નહિ મળે તો મેરીટ યાદી મુજબ ક્રમાનુસાર આયોગના તા.19.07.2013ના કચેરી હુકમથી ઠરાવેલ લઘુત્તમ ગુણ કરતાં વધુ ગુણ ધરાવતા ઉમેદવારો જો પ્રાપ્ત થતા હશે તો વધુ ઉમેદવારોને કામચલાઉ ધોરણે અરજી ચકાસણીને પાત્ર જાહેર કરવામાં આવશે. વધુમાં આ રીતે અરજી ચકાસણી માટે પાત્ર ગણવાના ઉમેદવારો પૈકી જે તે કેટેગરીમાં છેલ્લા ઉમેદવારના ગુણ જેટલા જ સરખા ગુણ ત્યારપછીના જે કોઇ ઉમેદવારના હશે તેમને પણ અરજી ચકાસણી માટે પાત્ર ગણવામાં આવશે. આ પ્રમાણે થશે તો અરજી ચકાસણી માટે પાત્ર ઉમેદવારોની સંખ્યામાં વધારો થઇ શકશે. આ રીતે જે બેઠક નંબરોના ઉમેદવારોની અરજીઓની ચકાસણી કરવાની થશે તેની વિગતો આખરી પરિણામમાં દર્શાવવામાં આવશે.

(5) આ પરિણામમાં કામચલાઉ ધોરણે અરજી ચકાસણીને પાત્ર જાહેર થયેલ ઉમેદવારો પૈકી જે ઉમેદવારો ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઇઓ મુજબ જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર ઇત્યાદિ જરુરીયાતો પરિપૂર્ણ કરતા હોય તેવા મેરીટયાદી મુજબના ***કોષ્ટક-૧*** ના ***કોલમ-૫*** માં જે તે કેટેગરી સામે દર્શાવેલ સંખ્યાની મર્યાદામાં પ્રાપ્ત થયેલ ઉમેદવારોને ગણતરીમાં લીધા બાદ તે પછીના ઉમેદવારોને તેઓ બધી જરુરિયાતો સંતોષતા હશે તો પણ રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં નહી આવે, જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવી.

(6) વધુમાં આ રીતે રૂબરૂ મુલાકાતને માટે પાત્ર ગણવાના ઉમેદવારો પૈકી જે તે કેટેગરીમાં છેલ્લા ઉમેદવારના ગુણ જેટલા જ સરખા ગુણ ત્યારપછીના જે કોઇ ઉમેદવારના હશે તેમને પણ રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે. આ પ્રમાણે થશે તો ***કોષ્ટક-૧*** ના ***કોલમ-૫*** માં જે તે કેટેગરી સામે દર્શાવેલ રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની સંખ્યામાં વધારો થઇ શકશે.

(7) ઉપરની કાર્યવાહી બાદ રૂબરૂ મુલાકાતને પાત્ર થતાં ઉમેદવારોની યાદી નોટીસ બોર્ડ પર હવે પછી મુકવામાં આવશે.

5. અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને “ઓન-લાઇન” કન્ફર્મ થયેલ અરજી પત્રક (ફોટોગ્રાફ સ્પષ્ટ ના હોય તો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીપત્રક

પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ના હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરવાની રહેશે.) અને લાગુ પડતા જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રોની નકલ નીચેના ક્રમાનુસાર

(1) જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)

(2) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(3) અનામત વર્ગ (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

(4) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિં. અંગ્રેજીમાં Annexure-A (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.

(5) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧.૧૨.૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(6) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(7) પરિણીત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(8) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(9) વર્ગ-3 ની જાહેરાત માટે રમતગમતના પ્રમાણપત્ર (જાહેરાતમાં દર્શાવેલ હોય તે નમૂનામાં)

(10) સ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક)

(11) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(12) અનુસ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(13) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(14) તબીબી, દંત વિષયક અને પશુચિકિત્સા વિષયક જાહેરાતો માટે ઇન્ટર્નશીપ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(15) જે જાહેરાતમાં કાઉન્સિલનું રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં સંબંધિત કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તે નોંધણી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(16) પીએચડી પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(17) નેટ/સ્લેટ પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(18) વિદેશની યુનિવર્સિટી માંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(19) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(20) ગુજરાત સરકારની સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓએ રૂબરૂ મુલાકાત સમયે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમુનામાં "ના વાંધા પ્રમાણપત્ર" (અસલમાં) અચૂક રજુ કરવાનું રહેશે.

(21) અનુભવના પ્રમાણપત્રો (જાહેરાત મુજબ જરૂરી હોય તો ક્રમાનુસાર મેળવેલ અનુભવ, લાગુ પડતા સંવર્ગના કાર્યકાળની શરૂઆતથી પગારની વિગત, ફરજ/કામના પ્રકાર દર્શાવવાના રહેશે.)

(22) સંશોધનપત્રો (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(23) બિનઅનામત ઉમેદવારોએ ભરેલ ફી ની ઝેરોક્ષ નકલ

(24) શારીરિક માપ અંગેનું તબીબી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો) અને

(25) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

અચુક જોડીને <u>તા.24.08.2017</u> સુધીમાં આયોગની કચેરીમાં સંયુક્ત સચિવશ્રી (R-6) ને મળે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

Sd/-

સ્થળ: **ગાંધીનગર-382010** — સંયુક્ત સચિવ

તારીખ: **10.08.2017** — ગુજરાત જાહેર સેવા આયોગ